**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૯.૫ ડીગ્રી
લઘુતમ : ૨૨.૫ ડીગ્રી
ભેજ
સવારે ૪૧ ટકા ● સાંજે ૨૧ ટકા

# ફળોની માંગ વધતા ભાવમાં ઉછાળો

**કોરોનાના દર્દીઓને ફ્રુટ વધુ ખવડાવવામાં આવે છે : દર્દીઓ વધતા તમામ ફ્રુટના ભાવો આસમાને પહોંચ્યા : રમઝાન માસના કારણે પણ ડીમાન્ડ વધુ**



ગાંધીનગર, તા.૧૪

ફળોના ભાવમાં છેલ્લા કેટલાક દિવસોથી ભારે ઉછાળો આવ્યો છે.માંગની સામે પુરવઠો ઓછો હોવાથી ફળોના ભાવ વધ્યા છે. ઘેર ઘેર કોરોનાના દર્દીઓ હોવાથી ફળોનો વપરાશ વધ્યો છે. વળી આવા સમયે જ રમઝાન માસ શરૂ થતો હોવાથી ફળોની માંગ પણ વધી છે.


કોરોનાના દર્દીઓની સંખ્યામાં છેલ્લા કેટલાક દિવસોમાં ભારે ઉછાળો આવ્યો છે. હોમ આઈસોલેશનમાં રહીને ઘણા દર્દીઓ સારવાર મેળવી રહ્યા છે. આવા દર્દીઓને ડાયેટમાં રસદાર ફળો અપાય છે. જેના કારણે ફળોની માંગ વધી છે. સેક્ટર-૨૧ના ફ્રૂટ માર્કેટમાં ફળનો વેપાર કરતા એક વેપારીના જણાવ્યા અનુસાર છેલ્લા ૧૫ દિવસથી ફળોની માંગ ખૂબ વધી છે. માંગની સામે પૂરવઠો ઓછો હોવાથી સ્વાભાવિક રીતે જ ભાવો વધ્યા છે. લીંબુ, સંતરા, મોસંબી અને પાઈનેપલ જેવા ફળોની માંગ ખુબ વધુ છે. હજુ બે ત્રણ મહિના પહેલા ૩૦ થી ૪૦ રૂપિયે કિલો વેચાતા સંતરાના ભાવ હવે ૧૪૦ થી ૧૫૦ રૂપિયા સુધી પહોંચી ગયા છે. સંતરાની માંગ વધી છે તેની સામે હાલમાં આવક ઓછી થઈ ગઈ છે. સંતરા અને નારંગી-મોસંબીની આવક મહારાષ્ટ્રમાંથી થાય છે. જયાં હાલમાં કડક પ્રતિબંધો હોવાથી પુરવઠો ઓછો થયો છે.

તેવી જ રીતે નારીયેળ પાણી પણ દર્દીઓને વધુ પ્રમાણમાં અપાય છે. ઘરમાં બે ચાર દર્દીઓ હોય તો નારીયેળનો વપરાશ વધુ રહે છે. હાલમાં એક નંગ ૬૦ થી ૭૦ રૂપિયાના ભાવે વેચાઈ રહ્યું છે તેની આવક પણ હાલમાં ઓછી હોવાથી ભાવો આસમાને પહોંચ્યા છે. આટલા ઉંચા ભાવો હોવા છતાં લોકોને ના છૂટકે તેની ખરીદી કરવી પડે છે. માત્ર તરબૂચ અને ટેટીનો ભાવ પરવડે તેવો છે. તરબૂચ ૨૦ રૂપિયે કિલો અને ટેટી ૪૦ રૂપિયે કીલોના ભાવે વેચાઈ રહી છે તો બજારમાં હાલમાં નવી નવી આવેલી કેરીનો ભાવ ઉંચો છે. બદામ અને સુંદરી જેવી કેરી પણ હાલમાં ૧૪૦ થી ૧૫૦ રૂપિયે કિલોના ભાવે વેચાઈ રહી છે. કેળા અને દ્રાક્ષના ભાવો જળવાયેલા રહ્યા છે. ફળોની ડીમાન્ડ વધુ છે તેવા સમયેજ રમઝાન માસ શરૂ થતાં તેની માંગ ઓર વધશે.

## જન્મદિને વધામણી




**અશોકસિંહ ટી પરમાર**
ટ્રસ્ટી, શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ, ગાંધીનગર



**શ્રેયા હિમાંશુ શાહ**
મો. ૮૧૪૧૦ ૨૯૪૯૧



**હયાન વિપુલ ચૌહાણ**
મો. ૯૦૬૭૧ ૩૧૩૭૨



**માન્યા નિસર્ગ**
**નરેન્દ્રકુમાર પટેલ**

# ખાનગીમાં પાન-મસાલા વેચાણ કરતા વેપારીઓ સામે કાર્યવાહી

ગાંધીનગર, તા.૧૪

સમગ્ર રાજયમાં કોરોના સંક્રમણનો આંકડો સતત વધી રહ્યો છે ત્યારે પાટનગરમાં પણ કોરોનાનો ગ્રાફ દિવસે ને દિવસે ઉંચે જઈ રહ્યો છે. જેને પગલે નાગરીકોની આરોગ્ય સુખાકારી માટે જિલ્લા કલેકટર દ્વારા તા.૩૦ એપ્રિલ સુધી પાનના ગલ્લા તેમજ પાન પાર્લર બંધ રાખવા આદેશ કર્યો છે. ત્યારે કેટલાક પાનના ગલ્લા ધારકો જાહેરનામા ભંગ કરીને ગલ્લા શરુ રાખે છે. જેને પગલે પોલીસ તંત્ર દ્વારા પાનના ગલ્લા ખુલ્લા રાખતા વેપારીઓ સામે લાલ આંખ કરી છે. ગાંધીનગરના વલાદના ગોરવંટા ડેરીવાસ નજીક પાનનો ગલ્લો ખુલ્લો રાખી વેપાર કરનાર લક્ષ્મણજી વિરમજી ઠાકોર (ઉં.૬૦) સામે પોલીસે ગુનો નોંધ્યો છે. જયારે બીજી તરફ દહેગામ-નરોડા માર્ગ પર વડોદરા ગામના પાટીયા પાસે પાન પાર્લર ખુલ્લુ રાખનાર પોપટસિંહ અજીતસિંહ ઠાકોર (ઉં.૫૦), સેકટર-૨૪ પીળા પટ્ટા પાસે શ્રીનાથ ટ્રેડર્સ નામની દુકાન ખુલી રાખી ગ્રાહકોને પાન-મસાલાનું વેચાણ કરતો નરભેરામ કરશનદાસ સાધુ (ઉં.૪૦ રહે.ગોકુળપુરા), સેકટર-૩૦ મોટા શોંપીગ સેન્ટર બ્રહ્માણી પાન પાર્લર ખુલ્લુ રાખીને બેસનાર દિનેશ પરષોતમભાઈ પ્રજાપતિ (રહે પેથાપુર) ને પકડી પાડ્યા હતા. જયારે ન્યુ ગાંધીનગર વિસ્તારમાં સરગાસણ ચોકડી પાસે એક શખ્સ ખુલ્લામાં પ્લાસ્ટીકના કોથળામાં સામાન રાખીને પાન મસાલાનું વેચાણ કરતો હતો. પોલીસે તોને પકડીને નામ પુછતા તેણે સરગાસણ ગામનો જ નરસિંહ નાગજીભાઈ મકવાણા (ઉં.૨૧ રાણાવાસ) હોવાનું સામે આવ્યું હતું. તેની પાસેથી સીગારેટના ૬ પેકેટ, બીડીના ૬ પેકેટ, વિમલનુ પેકેટ, ચુનો સોપારી મળી કુલ રૂ.૭૦૦ નો મુદામાલ મળી આવતા પોલીસે તેની સામે ગુનો નોંધ્યો હતો. જયારે માસ્ક વિના ફરતા વ્યકિતમાં સાદરા ગામની ભાગોળમાં ટાવર પાસે પ્રકાશ રાજુભાઈ દંતાણી, આલમપુર શાક માર્કેટ ખાતે ગોવિંદજી ધીરાજી ઠાકોર, અને ડભોડાથી ચિલોડા તરફ જતા માર્ગ પર વિશાલ પંકજ શાહ ઝડપાયો હતો. આ તમામ સામે પોલીસે જાહેરનામા ભંગનો ગુનો નોંધાયો હતો.

# ધોળેશ્વર મહાદેવ રોડ પર નડતરરૂપ વિજળીનો થાંભલો અકસ્માત સર્જશે




ગાંધીનગર, તા.૧૪

ધોળેશ્વર મહાદેવ રોડ પર એક બિન ઉપયોગી નડતરરૂપ લાઈટનો થાંભલો એકિસડન્ટની રાહ જોતો કયારનોય ઉભો હતો. બે માસ પહેલા જીઈબીનો સ્ટાફ એક બિલ્ડરની સાઈટ પર નડતા થાંભલા ખસેડવા આવ્યા હતા ત્યારે સ્થાનિક લોકોએ આ થાંભલો પણ ઉતારી લેવા કહ્યું હતું પણ આ થાંભલો ખસેડાયો ન હતો. આજે કોઈ ભારે વાહન તેને ભટકાતા આ થાંભલો તુટીને રોડ વચ્ચે પડયો હતો. અને આ વધુ જોખમી બનેલ થાંભલાને તંત્ર કયારે ખસેડશે તે ખબર નથી. ધોળેશ્વર મહાદેવ રોડ પર હજુ પુરી સ્ટ્રીટલાઈટ નંખાઈ નથી ત્યારે જો તૂટેલો થાંભલો ખસેડી લેવામાં નહીં આવે તો રાત્રે અંધારાના કારણે ચાલવા નીકળતા લોકો અને વાહન ચાલક કેટલાય નિર્દોષ લોકો અકસ્માતનો ભોગ બની શકે છે.

## ચિરવિદાય

**● મુકિતધામ ●**

- **સ્વ. પટેલ રમેશભાઈ મથુરભાઈ,** ઉ.વ. ૫૭, આજોલ, માણસા
- **સ્વ. ડાભી મહેન્દ્રસિંહ જસવંતસિંહ,** ઉ.વ. ૩૫, બોરીજ
- **સ્વ. ચૌધરી જીવણભાઈ રાયસંગભાઈ,** ઉ.વ. ૮૦, બદપુરા, માણસા
- **સ્વ. મકવાણા લક્ષ્મીબેન મનુભાઈ,** ઉ.વ. ૬૩, કલોલ
- **સ્વ. વાઘેલા ભવાનસિંહ સતુજી,** ઉ.વ. ૫૫, લેકાવાડા
- **સ્વ. બારોટ મહિતચંદ્ર છોટાલાલ,** ઉ.વ. ૬૦, સેકટર-૪
- **સ્વ. પટેલ જમનાબેન નવિનભાઈ,** ઉ.વ. ૬૪, સેકટર-૨
- **સ્વ. પંડયા જયેશકુમાર અમૃતભાઈ,** ઉ.વ. ૩૫, વાવોલ, હરિનગર
- **સ્વ. પરમાર ગુણવંતભાઈ અંબાલાલ,** ઉ.વ. ૭૬, સેકટર-૩૦
- **સ્વ. દેસાઈ લાલાભાઈ આલુભાઈ,** ઉ.વ. ૮૫, હાલિસા, દહેગામ
- **સ્વ. પટેલ સુશીલાબેન જશુભાઈ,** ઉ.વ. ૬૫, મેદરા
- **સ્વ. જૈન લીલાબેન ચંદુલાલ,** ઉ.વ. ૮૫, સેકટર-૩
- **સ્વ. રાવળ વામનભાઈ રમણભાઈ,** ઉ.વ. ૪૭, સેકટર-૫
- **સ્વ. શ્રીમાળી ડાહ્યાભાઈ કાશીરામ,** ઉ.વ. ૬૧, નાની હિરવાણી, કડી
- **સ્વ. ઠક્કર જસવંતલાલ ખુશાલદાસ,** ઉ.વ. ૭૬, સુરેન્દ્રનગર
- **સ્વ. શ્રીમાળી કાળીદાસ જેરામભાઈ,** ઉ.વ. ૭૫, સેકટર-૧૩
- **સ્વ. સિંગ શકુંતલા રામરવી,** ઉ.વ. ૬૫, સેકટર-૨૭
- **સ્વ. દાતણીયા શરમીલાબેન કિરણભાઈ,** ઉ.વ. ૫૫, સેકટર-૪
- **સ્વ. પરમાર જયાબા કિર્તીસિંહ,** ઉ.વ. ૨૫, પેથાપુર
- **સ્વ. વાઘેલા મહેન્દ્રસિંહ દિપુજી,** ઉ.વ. ૫૨, કોલવડા
- **સ્વ. પ્રજાપતિ શિવાભાઈ નાથાભાઈ,** ઉ.વ. ૭૫, સેકટર-૨૬
- **સ્વ. ખાંટ સીતાબેન દાનાજી,** ઉ.વ. ૫૬, બોરીજ
- **સ્વ. ડાભી પુંજીબેન મફતલાલ,** સેકટર-૧૩
- **સ્વ. અધ્વર્યુ અમુલકુમાર રમણલાલ,** ઉ.વ. ૬૬, ડાકોર, ખેડા
- **સ્વ. જોશી કનૈયાલાલ હરગોવિંદદાસ,** ઉ.વ. ૯૧, સેકટર-૩
- **સ્વ. બાબરીયા જમનાદાસ હરજીવનદાસ,** ઉ.વ. ૭૭, રાયસણ
- **સ્વ. બારોટ રોશનીબેન દીપેશકુમાર,** ઉ.વ. ૨૫, થલતેજ, અમદાવાદ
- **સ્વ. શર્મા ભાવેશભાઈ નિરંજનભાઈ,** ઉ.વ. ૩૬, બોરીજ
- **સ્વ. ચૌહાણ કૈલાસબેન અમરસિંહ,** ઉ.વ. ૫૪, સેકટર-૨૮
- **સ્વ. વાઘેલા શાંતિલાલ નાગરભાઈ,** ઉ.વ. ૬૩, સેકટર-૪

**● રૂદ્રભૂમિ ●**

- **સ્વ. ધ્રુવ પ્રભાબેન અંબાલાલ,** ઉ.વ. ૬૮, સરગાસણ
- **સ્વ. પ્રજાપતિ ડાહ્યાભાઈ છગનભાઈ,** ઉ.વ. ૮૮, કુડાસણ
- **સ્વ. મકવાણા રતનબેન ખેમાભાઈ,** ઉ.વ. ૫૪, વાવોલ
- **સ્વ. મહંતી રમાદેવી જન્મજય,** ઉ.વ. ૮૫, રાંદેસણ
- **સ્વ. ત્રિવેદી ભરતકુમાર શશીકાન્ત,** ઉ.વ. ૫૧, વાવોલ
- **સ્વ. વાળા કાળીદાસ ભાવલભાઈ,** ઉ.વ. ૮૬, સેકટર-૨
- **સ્વ. મિસ્ત્રી નર્મદાબેન અંબાલાલ,** ઉ.વ. ૮૯, સેકટર-૨૪
- **સ્વ. શર્મા કમળાબેન લક્ષ્મીનારાયણ,** ઉ.વ. ૮૪, સેકટર-૪
- **સ્વ. પંચાલ કાન્તાબેન અમૃતભાઈ,** ઉ.વ. ૫૩, ઉવારસદ
- **સ્વ. પ્રથર્તી રઘુવીર ઈશ્વરભાઈ,** ઉ.વ. ૩૪, સેકટર-૫

# સે-૧૩માંથી રીક્ષાની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરના સેકટર-૧૩ એ ખાતેથી રીક્ષાની ચોરી થવા પામી છે. યુવકે રૂ.૫૦ હજારની રીક્ષા ચોરી અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ શહેરના સેકટર-૧૩ એ પ્લોટ નં. ૪૬૧-૧ ખાતે રહેતા ધર્મેશભાઈ રેવતકર (ઉં.૩૬) પરિવાર સાથે રહે છે અને ઘરે બેઠા જ ફેબીકેશનનું કામ કરીને ગુજરાન ચલાવે છે. છેલ્લા ત્રણ વર્ષથી રીક્ષાનો ઉપયોગ કરે છે. ગત તા. ૧૦ ના રોજ રાત્રીના જમી પરવારીને રીક્ષા ઘરની સામે ખુલ્લી જગ્યામાં પાર્ક કરીને સુઈ ગયા હતા. ત્યારબાદ તા.૧૧ ના રોજ સવારે ૭ વાગે ઉઠીને જોયુ તો સ્થળ પર પાર્ક કરેલી જગ્યાએ રીક્ષા ન હતી. પોતાની રીતે આસપાસના વિસ્તારમાં શોધખોળ આદરી હતી. પરંતુ રીક્ષા મળી આવી ન હતી. ત્યારબાદ વર્ષ ૨૦૧૫ ના મોડલની અંદાજીત રૂ.૫૦ હજારની રીક્ષા ચોરી અંગે ગુનો નોંધાતા પોલીસે રીક્ષા ચોરી કરનાર શખ્સોને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# વાવોલની પરિણિતાએ પતિ સામે જાનથી મારી નાંખવાની ફરીયાદ નોંધાવી

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૧૨ સ્થિત નારી સંરક્ષણ ગૃહમાં મેઘનાબેન ત્રણ વર્ષ અગાઉ રહેતા હતા. તે સમયે નારી સંરક્ષણ ગૃહની બાજુમાં આવેલા માટીકામ કલાકારી ઉદ્યોગના કલાસ માટે જતા હતા. તે સમતે ફરીયાદીની બહેનપણી વાવોલની લાભ રેસીડેન્સી બી-૨૦૩ ખાતે રહેતા વિજયગીરી જયંતિગીરી ગોસ્વામી સાથે ઓળખાણ કરાવી હતી. જેને અગાઉની પહેલી પત્નીથી એક દિકરો પણ છે. બહેનપણીના કહેવાથી વિજય અને મેઘના એ ૨૬ માર્ચ ૨૦૧૯ ના રોજ લગ્ન કર્યા હતા. આ લગ્નજીવન દરમિયાન મેઘનાબેને દિકરા નક્ષગીરીને જન્મ આપ્યો હતો.લગ્ન કર્યા પછી વિજય શંકા અને વહેમ રાખી મેઘનાબેનને શારીરીક-માનસિક ત્રાસ આપતો હતો. પતિ-પત્ની બન્ને કોરોના પોઝીટીવ આવતા નક્ષને નણંદ જોડા રાખતા હતા. ત્યારે ગત ૯ એપ્રિલના રોજ મેઘના બેને પતિને કહ્યું કે મારે નક્ષને મળવુ છે. જેથી વિજયગીરીએ કહ્યું કે નક્ષ તને જોવા માટે નહી મળે અને તેને આપીશ પણ નહી. જેથી ફરીયાદીએ કહ્યું કે મારો દિકરો છે તો હું જ રાખીશ.જેથી વિજય ઉશ્કેરાઈને તારી આગળ પાછળ કોઈ નથી તેથી કોર્ટ પણ તને દિકરો સોંપશે નહી. તેમ કહીને મેઘનાને માર મારી ઘરની બહાર જવાની પણ ના પાડી દીધી હતી. ત્યારબાદ ૧૩ એપ્રિલના રોજ રાત્રીના સમયે વિજયે ઘર કરેલો તાવેતો મેઘનાને સાથળના ભાગે માર્યો હતો.તે ઉપરાંત મોઢા પર મુક્કા માર્યા હતા અને દિકરો નહી મળે તેવુ કહીને છુટાછેડા આપી દેવાનું કહેતા જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જેથી સમગ્ર બનાવ બાદ પરિણિતાએ સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# સી.એમ. નર્સિંગ કોલેજ કોરોના દર્દીઓની સેવામાં




ગાંધીનગર, તા.૧૪

સી. એમ . પટેલ કોલેજ ઓફ નર્સિંગના બી .એસ .સી તથા જી.એન. એમ.ના છેલ્લા વર્ષના ૪૩ વિદ્યાર્થીઓ ગાંધીનગર સિવીલમાં સેવાઓ આપી રહ્યા છે.

કોરોનાની મહામારીમાં ગાંધીનગર સિવીલના કોરોનાના દર્દીઓને સારવાર આપવી એ નર્સની પ્રાથમિક ફરજ છે તો નર્સિંગ કોલેજના આ વિદ્યાર્થીઓને કોરોના વોર્ડમાં સેવાઓ આપવાની પ્રેરણા કોલેજના પ્રિન્સીપાલ ડો. રાજેશ રાવલ તથા આસી. પ્રોફેસર પલક પટેલ, સોયેબ ખોખર તથા આસ્થા પટેલ દ્વારા આપવામાં આવી હતી.

# હરિનગર સોસાયટીના પ્રમુખપદે નટવર હેડાઉ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર મહાનગરપાલિકાની હદમાં સમાવિષ્ટ વાવોલ ગામની હરિનગર સોસાયટીની સામાન્ય સભા ૧૧ એપ્રિલે યોજાઈ હતી. હરિનગર વસાહત મંડળના કાર્યકારી પ્રમુખ તરીકે જાણીતા સાહિત્યકાર નટવર હેડાઉની વરણી કરવામાં આવી હતી. આ સભાને સંબોધિત કરતા નટવરભાઈ દ્વારા સોસાયટીના તમામ પ્રશ્નોના ઝડપી નિકાલ બાબતે વાત કરવામા આવી હતી તથા મંડળમાં ચૂંટાયેલા સભ્યોને અભિનંદન પાઠવામાં આવ્યા હતા.

# શંકરસિંહ વાઘેલાએ સે-૨૮માં તેમની બે કોલેજોમાં કોવિડ કેર સેન્ટર કરવા સૂચવ્યુ

ગાંધીનગર, તા. ૧૪

રાજયના પૂર્વ મુખ્યમંત્રી અને જિલ્લાના વાસણ ગામના વતની શંકરસિંહ વાઘેલાએ બાપુ નોલેજ સીટી ખાતેની તેમની બે કોલેજો કોવિડ કેર સેન્ટર તરીકે આપવાની દરખાસ્ત રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને એક પત્ર લખીને દરખાસ્ત કરી છે.

શંકરસિંહ વાઘેલાએ જે દર્દીઓ આર્થિક રીતે નબળા હશે તેમજ અન્ય સારવારમાં પણ તેમનુ ફાઉન્ડેશન યોગ્ય મદદ કરશે તેવી વાત લખી છે.

વાઘેલાએ સે. ૨૮ માં આવેલ કોલેજ બિલ્ડીંગને જરૂર પડ્યે સરકાર હોસ્પિટલમાં કન્વર્ટ કરે તો પણ વાંધા સરખુ નહિ હોવાનું જણાવ્યુ છે. તેમણે રાજયમાં દવાઓ, ઓકસીજન તેમજ ઈન્જેકશનોની અછત અંગે પણ ચિંતા વ્યક્ત કરી છે.

# પ્રેરણા પ્રગતી મંડળ ગાંધીનગરના પૂર્વ પ્રમુખ રમણલાલ પારેખનું અવસાન

ગાંધીનગર, તા.૧૪

પ્રેરણા પ્રગતી મંડળ ગાંધીનગરના પૂર્વ પ્રમુખ અને ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના સેક્રેટરી રાજેન્દ્ર પારેખનાં પિતાશ્રી નગર અગ્રણી રમણલાલ એમ. પારેખનું તા. ૧૨-૪-૨૧ નું દુઃખદ અવસાન થયું છે.

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘની અખબાર યાદીમાં જણાવ્યાનુસાર સ્વ. રમણલાલ એમ. પારેખ કે જેઓ પ્રેરણા પ્રગતી મંડળ ગાંધીનગરના પૂર્વ પ્રમુખ હતા અને મોટી-૬૬ સમાજના તેઓ આગેવાન અને સંનીષ્ઠ કાર્યકર હતાં તે ઉપરાંત સ્વામીનારાયણ મંદિર સેક્ટર-૨ સાથે સંકળાઈને ગાંધીનગરમાં વ્યસનમુક્તિ સહિત અનેકવિધ સામાજીક કાર્યો કર્યા હતા. સદગત પાછળ ઉત્તરક્રિયા રાખેલ નથી માત્ર ટેલીફોનીક (૯૨૨૮૧૬૧૨૩૬) બેસણું રાખેલ છે.

# આજકાલ કોરોના કાળમાં પેઢામાં જોવા મળતું ઈન્ફેકશન

ગાંધીનગર, તા.૧૪

કોરોના સંક્રમણ પછી દાંત અને પેઢામાં અલગ પ્રકારનું ઈન્ફેકશન જોવા મળે છે. દર્દીઓના પેઢામાં અલગ પ્રકારની ફંગસ જોવા મળે છે. કોરોના સંક્રમણથી રીકવર થયા પછી પણ આની અસર જોવા મળે છે. કોરોના સંક્રમણના શિકાર થયા પછી દર્દીઓમાં તાવ અને શ્વાસ લેવામાં તકલીફ જેવી સમસ્યાઓ જોવા મળે છે. પરંતુ વર્તમાનમાં જે કોરોનાની નવી સ્ટ્રેન ફેલાઈ છે, તે ખુબ ઝડપથી દાંત અને તેની ફરતે આવેલા પેઢાને અસર પહોંચાડે છે. અચાનક આવા દર્દીઓની સંખ્યામાં ખૂબ વધારો નોંધાયો છે. આવા દર્દીના પેઢાની આસપાસ એક નવા પ્રકારની ફંગસનો વિકાસ થયેલો જોવા મળે છે. આનું નિદાન કરવું ખુબ આવશ્યક છે. નહિતર તે પેઢામાં અંદર ફેલાઈને પેઢા અને જડબાને ખુબ નુકશાન પહોંચાડે છે.

સિધ્ધપુર ડેન્ટલ કોલેજના પુર્વ હેડ ઓફ ડિપાર્ટમેન્ટ અને ગાંધીનગરની પ્રખ્યાત હાઈટેક હોસ્પિટલના વરિષ્ઠ ડેન્ટલ સર્જન ડૉ. પૌલોમી મહિપતસિંહ પરમારના જણાવ્યા પ્રમાણે એમની પાસે એવા ઘણા દર્દીઓ આવી રહ્યા છે જેમને એક મિનીટ દાંત દબાવ્યા પછી કળતરની તકલીફ થાય છે અને ઘણા દર્દીઓ દાંત હલવાની તકલીફ લઈને આવી રહ્યા છે. દાંત સાથે સંકળાયેલી આ સમસ્યાઓ ગંભીર સ્વરૂપ લઈ શકે છે.

ડેન્ટલ સર્જન ડૉ. વિશ્વેશ પ્રશાંત જોષી એ દાંતના મુળીયા અને પેઢામાં ફેલાયેલા આ સંક્રમણને એપાઈકલ પેરોઈઓડોન્ટાઈટીસ જણાવ્યું છે. તેમના મત પ્રમાણે કોરોના સંક્રમણનો વર્તમાન સમયગાળો દાંત અને પેઢામાં ખુબ જ અસર ફેલાવી રહ્યો છે, આમાં દાંત અને પેઢામાં ચાર તરફ ખુબ જ વધારે દુખાવો થાય છે. આને હલકામાં લીધા વિના હોસ્પિટલમાં તરત જ ડેન્ટલ સર્જનને બતાવાની સલાહ આપી છે.

વધુમાં તેમના જણાવ્યા પ્રમાણે કોવિડના નવા સ્ટ્રેનની જીભ પર પણ અસર થાય છે. જેમાં દર્દીની સ્વાદ પારખવાની ક્ષમતાને અસર પહોંચે છે આ પણ એક ભયાનક લક્ષણ છે.

એઈમ્સ દિલ્લી જેવી ભારતની પ્રખ્યાત હોસ્પિટલના ડોકટરો દ્વારા પણ એવું વારંવાર કહેવામાં આવે છે કે કોરોનાની નવી સ્ટ્રેન જે આખા દેશમાં ફેલાઈ રહી છે તે ખુબ જ ભયંકર છે સાથે તેની દાંત અને પેઢામાં અસર એટલી જ ભયંકર છે જેનો ઈલાજ કરવો ખુબ જ જરુરી છે.

**- ડો. વિશ્વેશ જોષી દ્વારા**

# શહેરમાં રેપીડ ટેસ્ટમાં ૭૦ થી ૮૦ ટકા કેસ પોઝીટીવ

**ગાંધીનગરમાં શહેરમાં કોરોનાના દર્દીઓની સંખ્યામાં ભારે ઉછાળો : જે કેસ સરકાર દ્વારા બતાવવામાં આવે છે તે તો માત્ર દેખાડા પૂરતા જ છે : રેપીડ ટેસ્ટ સેન્ટરો પર ૭૦ થી ૮૦ ટકા કેસો હાલમાં પોઝીટીવ આવી રહ્યા છે**

ગાંધીનગર, તા.૧૪

અમદાવાદ શહેરની જેમ જ ગાંધીનગરમાં પણ કોરોનાના કેસોનો જાણે રાફડો ફાટયો છે. આરટીપીસીઆર ટેસ્ટની સાથો સાથ રેપીડ ટેસ્ટ કરાવનારાઓની સંખ્યા વધી છે. ટેસ્ટ સેન્ટરો પર થતાં ટેસ્ટમાંથી ૭૦ થી ૮૦ ટકા ટેસ્ટ પોઝીટીવ આવી રહ્યા છે. જેના પરથી જાણી શકાય છે કે પરિસ્થિતિ કેટલી ગંભીર છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના કેસોમાં જબરજસ્ત ઉછાળો આવ્યો છે. ટેસ્ટ સેન્ટરો પર વહેલી સવારથી જ લાંબી લાંબી કતારો જોવા મળે છે. વહેલી સવારથી જ વસાહતી ટેસ્ટ કરાવવા માટે પહોંચી જાય છે. ગાંધીનગરમાં સેકટર-૨ના સરકારી દવાખાના, સિવિલ હોસ્પિટલ, સેકટર-૨૧ માર્કેટ અને અન્ય બે ત્રણ સ્થળોએ રેપીડ એન્ટીજન ટેસ્ટ કરવામાં આવે છે. આ બધા જ ટેસ્ટ સેન્ટરો પર લોકોની લાંબી લાંબી કતારો જોવા મળે છે. લોકો ભર તડકામાં ટેસ્ટ કરાવવા માટે કલાકો સુધી ઉભા રહે છે. વળી જે ટેસ્ટ કરવામાં આવે છે તે પૈકી ૭૦ થી ૮૦ ટકા જેટલા કેસો પોઝીટીવ આવી રહ્યા છે. જે કોરોનાની ગંભીર પરિસ્થિતિ સામે નિર્દેશ કરે છે. આખો આખા પરિવારો અને આખી આખી સોસાયટીઓ કોરોનામાં સપડાઈ રહી છે. હજારો દર્દીઓ હોમ આઈસોલેશનમાં રહીને સારવાર કરાવી રહ્યા છે. આયુર્વેદીક દવાઓથી લઈને શરદી-ખાંસી-તાવની એલોપથી દવાઓનો વપરાશ ખૂબ વધ્યો છે.